Saarth E-Journal

Saarth E-Journal of Research

E-mail: sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO: 2395-339X | Impact Factor: 6.89
Peer Reviewed | Quarterly
Vol.4, Issue.2 No.15 | April. to June - 2019

# ઈલા આરબ મહેતા એટ્લે માનવ સંવેદના અને સંબંધોની કથાઓના ગાયક

ડો. મુકેશ બી. ચૌહાણ

મુંબઈ જેવી મહાનગરીમાં ઈલા આરબ મહેતાનો જન્મ અને ઉછેર થયો. કદાચ તેથી જ આધુનિક વિચારસરણીનો લાભ એમને મળ્યો હશે એવું અનુમાન કરી શકાય. ગુજરાતની ખમીરવંતી દરિયાઈ સાહસકથાઓના એકમાત્ર સર્જક ગુણવંતરાય આચાર્યનો સંસ્કારવારસો પણ ગણી શકાય. શાળાના શિક્ષણ કરતાંય ઘરમાં જે સાહિત્ય અને શબ્દોની સૃષ્ટિ હતી તેમાં ઈલાબહેનના પ્રાણ પોષાય છે. સમજણ આવે છે ત્યારથી પુસ્તકો સાથેનો સહવાસ ને બાળપણથી જ વાંચવા, લખવાનો શોખ તેમને એક નવી જ દિશામાં વાળે છે. ને આ જ શોખ મોટી ઉમરે તેમને એક ઉત્તમ સાહિત્યકાર તરીકેની સિદ્ધિ અપાવે છે. આ વિશે ઈલાબહેન લખે છે કે : "ઘરમાં ઘણાં પુસ્તકો. આમ પણ અમે જામનગરમાં ગામની બહાર સોલેરિયમની સામે રહેતા. ઘરમાં બીજું કરવાનું શું ? બારેક વર્ષની ઉમરમાં તો અમે ચારેય ભાઈબહેનોએ મેઘાણી, મુનશી, ધૂમકેતુ, ર. વ. દેસાઈને વાંચી કાઢેલા ! અરે, '"રંગતરંગ'માંના જ્યોતીન્દ્ર દવેના નિબંધો, બકોર પટેલની વાર્તાઓ, પી. જી. વૂડહાઉસની બર્ટી અને જીવ્સની પરાક્રમગાથાઓ કે અમારા પપ્પાએ કહેલી અનેક ગુજરાતીઓની સાહસકથાઓ - આ બધું તો અમારી વાતચીતમાં ગુંથાયા કરતું. આજ પણ અમે ચારેય ભાઈબહેનો મળીએ ત્યારે આ બધી વાતો "ફેમિલી જોક્સ'માં હજી કહેવાય."....૧.

તેમના સાહિત્યસર્જનને ઘડનારાં પરીબળો વિશે "સાક્ષરનો સાક્ષાત્કાર'માં રાધેશ્યામ શર્મા લખે છે કે, : **"આરબને તો પાછળથી વર્યા. પણ ગુણવંતરાયના ઘરમાં પુસ્તકોના ઊંટો, ઘૂસતા જતા હશે તેમ-તેમ ઈલા-વર્ષા ઈત્યાદિ આરબ માફક બહાર ખસતાં રહેતાં હશે! મેઘાણી-મુનશી-ધૂમકેતુ-ર. વ. દેસાઈની રચનાઓને દસ-અગિયારની વયે અગસ્ત્ય અદાથી ઘોળીને પી ચૂકેલાં ! આ "ટૂ સિસ્ટર્સ'ની નવલકૃતિઓમાં વિવેચકોને ઉપર્યુક્ત ઉત્સાદલેખકોની છાયા ફેલાયેલી ન્યાળવા મળે તો નવાઈ નહિ. જોકે પઠનવાચનની હોબી ઈલાની તો એક્ટિંગ વર્ષાની."...૨.**

ઈલાબહેનની નવલકથાઓમાં નવાં સ્થળો અને પાત્રોના નવા વ્યવસાય જોવા મળે છે. તેમણે વ્યાપક રૂપે નવલકથાક્ષેત્ર ખેડ્યું છે. એમની દરેક નવલકથાઓ એક આગવી વિશેષતા સાથે પ્રગટ થઈ છે. જેમ કે "બત્રીસ-લક્ષણો', "ઝીલી મે કુંપળ હથેળીમાં' વગેરે જેવી નવલકથાઓમાં તેમણે તબીબીક્ષેત્ર અને તેમાં ઘૂસેલાં દૂષણો પર પ્રકાશ પાડી ડોક્ટરી લાઈન અને હોસ્પિટલની સઘળી માહિતી આપી છે. વાર્તાની સુક્ષ્મશેલી અને મધ્યકાલીન બત્રીસ પૂતળીની વાર્તા'ને ધ્યાનમાં રાખીને સર્જકે આ કૃતિને "બત્રીસ પૂતળીની વેદના' શીર્ષક આપ્યું છે. અહીં

આલેખાયેલાં સ્ત્રીપાત્રો સિંહાસનની શોભા તો વધારે જ છે પણ પુરુષના ગુણગાન ગાવાને બદલે પોતાની વેદનાને વાચા આપે છે. કથાને અંતે જીવનના સત્ય કટુ પ્રસંગો ને સંવાદમાં મૂકી નાટકને રામાયણનાં ચાર પાત્રો થકી નવીનતા બક્ષે છે. આમ ગુજરાતી સાહિત્યમાં નારીને તેના હક, તેના સ્વતંત્ર વ્યક્તિત્વ તરફ જાગ્રત કરતી આ પહેલી નારીલક્ષી નવલકથા છે....૩

તો "વારસદાર નવલકથામાં રાજકારણ અને રાજકીય નેતાઓનાં આંધળાં કોભાંડો પર પ્રકાશ પાડ્યો છે. જ્યારે "આવતી કાલનો સૂરજ' નવલકથામાં પાયલોટની તેમજ વિમાનનાં ચઢાણ- ઊતરાણ ને વિમાનનાં અન્ય સાધનોની સઘળી માહિતી આપી છે. "દરિયાનો માણસ'માં પણ તેમણે શિપિંગ લાઈન અને દરિયામાં આવતી ભરતી-ઓટ- તૂફાન વગેરેથી આપણને માહિતગાર કર્યા છે. અહીં આપણને સાહજિકપણે જ નવલકથાકાર ગુણવંતરાય આચાર્યનું સ્મરણ થાય. ઈલા આરબ મહેતાના પિતાશ્રી ગુણવંતરાય આચાર્યએ ગુજરાતને "દરિયાલાલ' અને "સરફરોશ' જેવી દરિયાઈ કથાઓ આપી હતી. ઈલાબહેનનું એનું બાળપણથી કદાચ આકર્ષણ પણ રહ્યું હોય. એમના પિતાશ્રી ગુણવંતરાય આચાર્ય મુંબઈમાં ઘાટકોપરમાં જ્યાં રહેતા હતા, ત્યાં પાછળ જ દરિયાખેડુ માછીમારીનો વસવાટ હતો. "ધ ન્યૂ લાઈફ' દ્વારા ભારત છોડીને વિદેશોમાં સ્થાયી થવા મથતા અને વિદેશોમાં પોતાના સંસ્કારની બાબતમાં સંતાનો પ્રત્યે ચિંતિત બનતાં અસંખ્ય માતા-પિતાઓની વ્યથા-વેદના પ્રગટ કરી છે. તો વિદેશી સ્વતંત્ર વિચારપ્રણાલી ને નીતિ-નિયમોથી પણ આપણને માહિતગાર કર્યા છે. "એક હતા દિવાનબહાદુર'ને "વસંત છલકે' જેવી હાસ્યની છોળો ઉડાડતી કથાઓ આપીને વાચકોને અભિભૂત કર્યા છે.

આ દુનિયા એ સજ્જન-દુર્જનનો મેળો છે. શુભ-અશુભ એમ બંને પ્રકારની વ્યક્તીઓ સમાજમાં જોવા મળે છે અને એ જ સમાજમાં શ્વસતો સાહિત્યકાર સાહિત્યમાં પણ એ બંને પ્રકારની પ્રકુતિ ધરાવતી વ્યક્તિઓને આલેખે છે. પાત્રસર્જનમાં તટસ્થતા જાળવી રાખવી એ કોઈ પણ સર્જક માટે મુશ્કેલ છે. અહીં ઇલાબહેનની નવલકથાના પાત્રોમાં વિવિધતા તો છે જ, સાથે પ્રભાવકતા પણ છે. કેટલાંક પાત્રોનું આલેખન તો એવું સુંદર થયું છે કે જીવંત જ લાગે છે. હાડમાંસથી ધબકતા લાગે. એમની પાત્રસૃષ્ટિ અત્યંત વિશાળ છે. આબાલવૃદ્ધ સૌ પાત્રરૂપે મળે છે. શિક્ષિત, અશિક્ષિત અને અલ્પશક્તિ પાત્રો પણ છે; જેમ કે "ઝીલી મે કૂંપળ હથેળીમાં'માં આવતું ડો. શિવાંગીનું પાત્ર, "બત્રીસ પૂતળીની વેદના' તેમજ "પાંચ પગલાં પૃથ્વી પર'માં આવતું અનુરાધાનું પાત્ર, તો "આવતી કાલનો સૂરજ'માં આવતું ડૉ. શીલાનું પાત્ર - અહી શિક્ષણ દ્વારા જાગૃતિ પામીને વિકાસ સાધતી નારીનું લેખિકાએ દય્યસ્પર્શી ચિત્રણ કર્યું છે. "રાધા' લઘુનવલની નાયિકા રાધા જે અશિક્ષિત છે, છતાં પણ તેનાં વિચાર-વાણી- વર્તનને સર્જકે એવી રીતે આલેખ્યાં છે કે એ પાત્ર પણ વાચક હૃદય પર ઊંડી છાપ મૂકી જાય છે. તો "શબને નામ હોતું નથી'નાં નાયિકા બા પણ સાચા ચોરને / ખૂનીને પકડવામાં રાત-દિવસ એક કર્યાં કરે છે. સર્જકે તેમનાં પાત્રોમાં હિંમત ને ઝનૂન બંને હોવાનું દૂશવ્યું છે.

'વારસદાર'ની નાયિકા વિદ્યા ગાંધીજીની સાથે સત્યાગ્રહમાં ભાગ લઈ જેલવાસ ભોગવે છે. "દરિયાનો માણસ'ની નાયિકા અમીષા મૃત્યુના આરે ઊભેલા પ્રેમીને જીવનનું કડવું સત્ય સમજાવે છે. તો "-અને મૃત્યુ'ની નાયિકા અમિતા તેના પ્રેમી નચિકેતાને પોતાને મૃત્યુના મુખમાંથી ન બચાવ્યા બદલ ધિક્કારતી અમિતા એના પ્રેમને હુંકરાવે છે. જ્યારે "વસંત છલકે' અને "એક હતા દીવાનબહાદુર'માં આવતાં નારીપાત્રો વાચકને હસાવવાની નેમ લઈને આવે છે. '"બત્રીસલક્ષણો' નવલકથાની જ્યોત્સના કેન્સરગ્રસ્ત પતિની સારવારમાં જીવન ખર્ચી દે છે, તો "ધ ન્યૂ લાઈફ'ની લોપા વિદેશની ધરતી પર પતિને છૂટાછેડા આપી સ્મશાનઘરમાં નોકરી કરે છે.

અહીં આ નાયિકાપાત્રોમાં સર્જકે વિરોધ, વિપ્લવ, હિંમત, સ્વાભિમાન દર્શાવીને પુરુષપ્રધાન સમાજ અને અન્યાયી સમાજપ્રણાલી સામે એમના દ્વારા આક્રોશ પ્રગટ કર્યો છે. તેમનાં અન્ય સ્તરીપાત્રો - બડી અમ્મા, વિભા, રેખા, સરસ્વતી કાકી, કલા, નિર્મળા, છાયા, સુનિતા, ચારુ, ઊમિંલા - એ બધાં પાત્રો - પરંપરાગત મુલ્યોથી

અળગાં થઈને સ્રીના વ્યક્તિત્વને એક અલગ અસ્તિત્વ તરીકે સ્થાપે છે. ઈલાબહેનના દરેક નારીપાત્રની ઝંખના પોતીકી અને વૈયક્તિક છે. અહીં ઊમિલાનું પાત્ર ધૂપસળી જેવું છે, જે પોતે સળગીને બીજાને સુવાસ આપવા ચાહે છે.

ઈલાબહેનની નવલકથામાં આવતાં પુરુષપાત્રો એક અહમ્ અને પુરુષસત્તાનો ડોળ કરતાં આલેખાયાં છે. જેમ કે શાસ્ત્રીજી, વિભાકર, દેવાંગ, રસેશ, વિપુલ, પરાશર, નચિકેતા, અર્નેસ્ટ પરેરા, સમીર, સુરેશભાઈ, પ્રદીપ, દીપક, ડો. રજત, ડો. અજય, રામનાથન, પ્રસાદ વગેરે.

કુટુંબનું અસ્તિત્વ જ સ્ત્રી-પુરુષના દાંપત્યજીવન પર આધારિત હોય છે. ભારતીય પરંપરામાં લગ્નને બે આત્માઓનું મિલન માનવામાં આવે છે. પહેલાં કેટલાક લેખકોનાં સર્જનમાં જે સુખી દાંપત્યજીવન આલેખાયેલું જોવા મળતું તે પ્રકારનું અહીં નથી. પણ વાસ્તવિક જીવનમાં જે કંઈ બને છે તે સઘળું જેમ કે દાંપત્યજીવનની વિસંવાદિતા, તેમાંથી જન્મતો સંઘર્ષ, અસંતોષ ને વિદ્રોહ અહીં આલેખાયાં છે. છિન્ઝ્અભિન્ન થયેલું દાંપત્યજીવન કુટુંબ, સમાજ અને સંતાનો પર કેવી અસર કરે ? અને તેનાં પરિણામો કેવાં હોઈ શકે ? એ ઈલાબહેને તેમની લગભગ તમામ નવલકથાઓમાં સિદ્ધ કરી બતાવ્યું છે. આ માટે તેમણે પોતાની જ આસપાસ જોયેલાં-જાણેલાં, વાસ્તવિક ધરતી પરનાં પાત્રોનો સહારો લીધો છે. આમ ઈલાબહેનની પાત્રસૃષ્ટિ એ તેમના સર્જનનું અનન્ય આકર્ષણ છે. પુરુષપ્રધાન સમાજ તરફથી સતત મળતી ઉપેક્ષા સ્રીના માનસ પર કેવી વિપરીત અસર જન્માવે છે. આમ આવી નવલકથાઓમાં સ્રીપાત્રોની ઝંખના માત્ર રસોડું કે સંતાનનો ઉછેર નથી, પણ ઘર બહાર નીકળી સ્વનિર્ભર બનવાની પણ છે. સ્ત્રીને પણ પોતાની કોઈ ઇચ્છા - વ્યક્તિત્વ હોય છે. એવું સમાજ સ્વીકારશે? સ્ત્રી પોતાની જાતે કોઈ ભૂમિકા પસંદ કરી શકે છે ખરી? કે પછી એણે હંમેશાં બીજા સોપે એ જ ભૂમિકા પોતાની ઈચ્છા વિરુદ્ધ ભજવ્યે જવાની ? આ સમમગ્ર પ્રશ્નોના સચોટ જવાબ ઈલાબહેનનાં નારીપાત્રોમાં જોવા મળે છે.

સર્જકના ચિત્તમાં પ્રત્યેક નવલકથાનું વસ્તુ સાહજિક રીતે જ જુદી જુદી રીતે પ્રગટે છે, ઘડાય છે, રચાય છે. ક્યારેક તે જન્મે છે કોઈ વિચારમાંથી. કોઈ દશ્ય વિડિયોકૅસેટની જેમ આંખ આગળ ભજવાયા કરે તો વળી એક પછી એક દશ્યોમાંથી વાર્તા પ્રગટે - આવો મત ધરાવતાં ઈલાબહેને દરેક વાર્તાની એક અલગ શેલી, ટેકનિક, અને વસ્તુગૂંથણી દ્વારા નવલકથાનું રૂપ આપ્યું છે. પ્રથમ પુરુષ એકવચન તો ક્યારેક ત્રીજા પુરુષની કથનશૈલી અને વળી ક્યારેક તો બંને કથનશેલીનો ઉપયોગ કરી વાર્તાવસ્તુ રચાયું છે. તો પત્રાત્મકશેલી, સંવાદાત્મકશેલી, ફ્લૅશબેક, સહોપસ્થિતિ વગેરેને પણ ગૂંથી લઈ વસ્તુ રસાળ બનાવવાની કોશિશ કરી છે. ઈલાબહેને નવલકથાના સ્વરૂપનું “ફોર્મેટ’ મોટેભાગે પરંપરાગત સ્વીકાર્યું છે. વાર્તાનો પ્રારંભ થાય, પાત્રોના જીવનની ઘટનાઓના તાણાવાણા રચાય, ધીરે ધીરે એ વધુ સંકુલ બને કે ઉત્તેજક થાય અને અંતે પરાકાષ્ઠા બાદ સમાપનમાં પાત્રોનું શું થયું તેનો અહેવાલ મળે. આમ વાર્તા પૂરી થાય. વાચકો ગોથાં ખાય તેવી પ્રયોગખોરી તેમના સર્જનમાં નથી. આધુનિકતાના રંગે રંગાયેલા હોવા છતાં દેહભૂખનાં કે જાતીયતાનાં વર્ણનો કર્યા નથી. પ્રત્યેક નવલકથામાં કંઈક નવીનતા સાથે વાર્તા રચાયેલી જોવા મળે છે. પાત્રોનો વ્યવસાય, સ્થળ અને સમયગાળો પણ નાવીન્યનો અનુભવ કરાવે છે.

આમ ઈલાબહેનના સર્જનમાં '“નૂતનતત્ત્વ’નો નવોન્મેષ પણ પ્રગટ થયો છે. 'થીજેલો આકાર”, “દરિયાનો માણસ’, “આવતી કાલનો સૂરજ, “નાગપરીક્ષા’, “બત્રીસ પૂતળીની વેદના’, “ધ ન્યૂ લાઈફ’, “શબને નામ હોતું નથી’, 'જાહેરખબરનો માણસ, “અહલ્યા અને અન્ય કૃતિઓમાં તદન નવી વાર્તા રચવાનો - કહેવાનો સર્જકનો આગ્રહ, તેમને અન્ય લેખકોની સરખામણીમાં મૂઠી ઊંચેરું સ્થાન અપાવે છે.

નારીકેન્દ્રી નવલકથાઓ તો છે જ, પણ એ સિવાય કુટુંબજીવનમાં પ્રવેશેલી કટુતા, જીવનનો વિષાદ, મૃત્યુનો ભય, દાંપત્યજીવનની નિષ્ફળતા - વિષાદતા વગેરેને પણ કેન્દ્રમાં મૂકેલ છે. કેટકેટલા ભિન્નભિન્નન માનવસંબંધો અને એ સંબંધોના તાણાવાણામાંથી આ વાર્તાઓ રચાઈ છે. જેમ કે “થીજેલો આકાર’ એક કદરૂપા

યુવકની પ્રેમની શોધની વ્યથાકથા છે. અહીં નાયક પોતે અવાવરું કૂવા જેવો, બળી ગયેલા વૃક્ષ જેવો છે તેવું તે અનુભવે છે. એકલતાભરી વંધ્યવેદના લઈ સ્નેહવંચિત જીવન જીવે છે. આ સ્થિતિમાં એ આત્મતિરસ્કૃતિ અને આપહીણું માનસ ધરાવતો થઈ ગયો છે. શરમ અને ધિક્કારની દીવાલો વચ્ચે ભીંસાતાં તેની નબળી કડીઓ ઉપર ભાવકને કુશળતાપૂર્વક પ્રવેશ કરાવ્યો છે.

## સંદર્ભો


1. સર્જનપ્રક્રિયા અને નારીચેતના (કેફિયત), સંપાદક ઉષા ઉપાધ્યાય, પ્ર.આ. ૨૦૦૬, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પૃ. ૬૨-૬૩
2. સાક્ષરનો સાક્ષાત્કાર (ભાગ ૫), સંપા. રાધેશ્યામ શર્મા
3. "બત્રીસ પૂતળીની વેદના' ઈલા આરબ મહેતા, પ્રસ્તાવના પૃ. ૩